ડાયરેક્ટ સે

જિંદગી જીવવાની મથામણમાં મજાક-મસ્તી ઓછાં થઈ ગયાં અને લોકો એવું ધારી બેઠાં કે અમે સમજદાર થઈ ગયા
-પ્રકાશ જાડાવાલા

જન્મદિને વધામણી

દર્શન મારૂ
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૫૮૬૨ ૮૭૪૪૭

અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨

પંકજ પ્રજાપતિ
મો. ૮૩૨૦૬ ૪૩૪૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

સ્વ. ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં આજે જય વસાવડાનું વ્યાખ્યાન

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત 'સાહસનો શ્વાસ' વ્યાખ્યાનનો લાભ સેવા સૌ નાગરિકોને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના પનોતા પુત્ર ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં રવિવાર, તા. ૬ઠ્ઠી મેના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે જય વસાવડાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે.

ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે યુવા કૉલમિસ્ટ અને પ્રખર વક્તા જય વસાવડાનું વક્તવ્ય 'સાહસનો શ્વાસ' વિષયે રવિવારે રાત્રે ૮.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાશે. આ પ્રસંગે ગાંધીનગર સમાચાર દૈનિકના તંત્રી કૃષ્ણકાન્ત જહા પ્રેરક પ્રવચન આપશે. કાર્યક્રમનું સંચાલન જયેશ વાછાણી દ્વારા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ડૉ. પ્રશાંત મેરજાનું એક દાયકા પહેલાં માર્ગ અકસ્માતમાં દેહાવસાન થયું હતું. તેમની સ્મૃતિમાં મેરજા પરિવાર દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરીને પ્રશાંતની સ્મૃતિઓને ચિરંજીવ રાખવાનું પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવે છે. ગાંધીનગરના સાહિત્ય રસિક અને નાગરિકોને જય વસાવડાના આ પ્રેરક પ્રવચનનો લાભ લેવા અધિક કલેક્ટર રમેશ મેરજા અને ધારાસભ્ય બ્રિજેશ મેરજા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મારી શાળા મારું ગૌરવ પ્રોજેક્ટ હેઠળ

સરકારી પ્રાથમિક શાળા, ફતેપુરા ખાતે સમર કૅમ્પ યોજાયો

બાળગીત, બાળવાર્તા, યોગ, એક મિનિટ રમત, ચિત્રકામ, કાગળકામ, છાપકામ, વેસ્ટમાંથી બેસ્ટ, રંગપૂરણી, મહોરાં બનાવવાની પ્રવૃત્તિઓ બાળકોને કરાવવામાં આવી

ગાંધીનગર, તા. ૫

ગરીબ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા મારી શાળા મારું ગૌરવ પ્રોજેક્ટ હેઠળ સરકારી પ્રાથમિક શાળા, ફતેપુરા, સૅક્ટર-૧૫ ખાતે ત્રિદિવસીય સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં સેક્ટર-૧૬માં સમાવિષ્ટ ફતેપુરા, સૅક્ટર-૧૫, સૅક્ટર-૧૬, સૅક્ટર-૨૨ તથા ગોકુળપુરા પ્રાથમિક શાળાનાં ૧૧૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. સમર કૅમ્પમાં બાળગીત, બાળવાર્તા, યોગ, એક મિનિટ રમત, ચિત્રકામ, કાગળકામ, છાપકામ, વેસ્ટમાંથી બેસ્ટ, રંગપૂરણી, મહોરાં બનાવવાની પ્રવૃત્તિઓ બાળકોને કરાવવામાં આવી હતી. કૅમ્પની વિશેષતા એ હતી કે ગરીબ બાળકો માટે આ કૅમ્પ વિનામૂલ્યે યોજવામાં આવ્યો હતો. સમગ્ર કૅમ્પનું સંચાલન સૅક્ટર-૧ પની શાળાનાં આચાર્ય ભાવનાબેન પટેલ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. કૅમ્પમાં ઉપસ્થિત તમામ શિક્ષકોએ બાળકોને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અનંતરાય વ્યાસના નવા પુસ્તકનું વિમોચન

વાર્તાસંગ્રહ 'છેલ્લો સીન'નું પ્રકાશન બનાસ પબ્લિકેશનના કુંતલ નિમાવત-જીવરાજ ચૌધરી દ્વારા અને મુદ્રણ કૅપિટલ ઑફસેટ દ્વારા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નિવાસી લેખક અનંતરાય વ્યાસ લિખિત નવા પુસ્તક 'છેલ્લો સીન'નું તાજેતરમાં ભાવનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. લેખક દ્વારા આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું ત્યારે તેમનો સમગ્ર પરિવાર તેમની સાથે ઉપસ્થિત રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ પુસ્તકનું પ્રકાશન અને પ્રિન્ટીંગ પણ ગાંધીનગરથી કરવામાં આવ્યું છે. ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગ અને પત્રકારત્વ સાથે સંકળાયેલા ગાંધીનગરના બે મિત્રો કુંતલ નિમાવત અને જીવરાજ ચૌધરી દ્વારા 'બનાસ પબ્લિકેશન' નામે આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. અને ગાંધીનગરના સૌથી જૂના અને ખ્યાત પ્રિન્ટીંગ પ્રેસ કૅપિટલ ઑફસેટ દ્વારા તેનું પ્રિન્ટીંગ કરવામાં આવ્યું છે.

લેખકના પ્રથમ પુસ્તકનું પ્રકાશન પણ એમના માટે સરપ્રાઈઝ હતી ને એ જ રીતે એમના આ છેલ્લા પુસ્તકનું પ્રકાશન પણ એમના માટે સરપ્રાઈઝ બની રહી હતી. પ્રથમ પુસ્તક 'અનંતનું અંતર'નું પ્રકાશન તા. ૮ મે, ૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. લેખકનાં મોટાં દીકરી રશ્મિબેન-અશોકભાઈની દીકરી ઊર્વિના લગ્નપ્રસંગે સૌ કુટુંબીજનોની ઉપસ્થિતિમાં લેખકનાં નાનાં દીકરી સપનાબેન અને દીકરા હિતેશભાઈ આ સરપ્રાઈઝ લેખકને આપી હતી. એમની લખેલી વાર્તાઓ પુસ્તક સ્વરૂપે જોઈ લેખક ગળગળા થઈ ગયા હતા અને પછી સૌ પરિવારજનોની ઉપસ્થિતિમાં આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ જ ઘટનાનું પુનરાવર્તન 'છેલ્લો સીન' પુસ્તક વેળા પણ કરવામાં આવ્યું હતું. રશ્મિબેન-અશોકભાઈના પુત્ર જયનાં લગ્નપ્રસંગે લેખકના આ પુસ્તકને તૈયાર કરીને અચાનક જ લેખકના હાથમાં એમનાં દીકરી સપનાબેને મૂક્યું હતું અને પુનઃ એકવાર લેખકને આનંદાશ્ચર્ય થયું હતું. પુનઃ એ જ હર્ષાશ્રુઓ સાથે લેખક અને એમનાં પત્ની નીલાબેને સંતાનો રશ્મિબેન, ફાલ્ગુનીબેન, હિતેશભાઈ, સપનાબેન અને સૌ પરિવારજનોની ઉપસ્થિતિમાં આ વાર્તાસંગ્રહનું વિમોચન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે અનંતરાય વ્યાસ ૧૯૮૩માં સરકારી આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરમાં અધ્યાપક તરીકે જોડાયા અને ત્યાંથી જ નિવૃત્ત થયા છે. પ્રથમ પુસ્તક 'અનંતનું અનંતર' પછી સ્વામિનારાયણ મંદિર, હિંમતનગર દ્વારા એમની લખેલી બાળવાર્તાઓનાં પાંચ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં. એ ઉપરાંત 'સુત્રાત્મક ગીતા', 'ઉપનિષદ મંત્રમાળા' અને 'મુનીમનભાવન' નામે એમનાં પુસ્તકો પ્રકાશિત થયાં. આમ, આ પુસ્તક 'છેલ્લો સીન' એ તેમનું નવમું પુસ્તક છે. આ પુસ્તક એ વાર્તાસંગ્રહ છે, જે તેમની જિંદગીના અનુભવના નિચોડરૂપે તૈયાર થઈ છે.

સંસ્કાર ગ્રૂપ દ્વારા આજે જૂની રમતો અને સફાઈ તથા વાચનની પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૫

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગ્રૂપ દ્વારા રવિવારે જૂની રમતો અને સફાઈની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રૂપના પ્રમુખ તુષાર દવે દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે રવિવાર, તા. ૬ઠ્ઠી મેના રોજ સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન સુવિધા કચેરી પાસે સ્થિત સૅક્ટર-૭ના જાહેર ઉદ્યાન ખાતે જૂની રમતો, સફાઈ અને પુસ્તક વાચનની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાનાં સભ્ય ઉપરાંત આ પ્રવૃત્તિઓમાં રસ ધરાવતાં નગરનાં બાળકોને આ પ્રવૃત્તિમાં જોડાવા તેમણે ઈજન પાઠવ્યું છે.

ઉલ્લેખનીય છે કે સંસ્કાર ગ્રૂપ દ્વારા દર રવિવારે બાળકો માટેની વિશેષ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, જેમાં બાળ રમતો, બાળકોને રસ પડે તેવી જગ્યાઓની મુલાકાતો ઉપરાંત જાહેર સફાઈ અને પર્યાવરણ અંગે જાગૃતિ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. અનેક બાળકો સંસ્કાર ગ્રૂપની આ પ્રવૃત્તિઓ સાથે નિયમિતપણે જોડાયા છે.

આવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતાં સૌ બાળકોને આ પ્રવૃત્તિઓમાં જોડાવા માટે સંસ્કાર ગ્રૂપ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સૅ. ૨૮ના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે

આધ્યાત્મિક ફિલ્મનું મુહૂર્ત થયું

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરિય વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૨૮ ખાતે ગુરુવારે આધ્યાત્મિક ફિલ્મ ફૂલ ખીલે ગુલશન ગુલશનના મુહૂર્ત શૉટનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંપ્રત સમાજમાં ઘટતા જતાં મૂલ્યોને ટકાવી રાખવા અને આધ્યાત્મિકતા તરફ વધુ લોકો વિચારતા થાય તે હેતુથી આ ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે. ફિલ્મના મુહૂર્ત પ્રસંગે બ્રહ્માકુમારીઝ કેન્દ્રનાં વડા કૈલાશદીદીએ કૅમેરાને કુમકુમ તિલક કરી સમગ્ર ફિલ્મ યુનિટને આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ બ્રહ્માકુમારી પરિવારની ઉપસ્થિતિમાં કલાકારોએ મુહૂર્ત શૉટ આપ્યો હતો.

ઘણાંએ અંગત ફાયદા માટે મોટી દિવાલો ચણી છે

મોરારિબાપુના હસ્તે યાદેં હુસૈન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૫

હિન્દુ હોય અથવા મુસ્લિમ, ધર્મક્ષેત્રના હોય કે જાહેર જીવન સાથે સંકળાયેલાં, પરંતુ ઘણાંએ અંગત ફાયદા માટે ખૂબ મોટી મોટી દિવાલો ચણી છે. આપણે આપણી અંદર રહેલી દિવાલોને જ્યારે તોડી દઈશું અથવા હટાવી ત્યારે ઈશ્વર, અલ્લાહ આપણા પર ખુશ થશે અને આપણને તેના વારિસ બનાવી દેશે. જાહેર જીવનમાં આપણે જેવા દેખાઈએ છીએ તેવા જ્યારે પોતાના અંગત વર્તુળોમાં રહી શકીશું ત્યારે સાચા અર્થમાં એકતા સાધી શકીશું એમ પૂ. મોરારિબાપુએ મહુવા ખાતે ગુરુવારે આયોજિત ૨ ઉમા એકતા જશ્ન પ્રસંગે જણાવ્યું હતું.

યાદે હુસૈન કમિટી, મહુવા દ્વારા આ એકતા જશ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. ભક્તિસ્વામી (બીએપીએસ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ આ કમિટીના પ્રમુખ સૈયદ મહેંદીબાપુ નકવી તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. ઝહીર અબ્બાસ અને મ. શાયર સૈયદ જલન માતરીને મોરારિબાપુ અને મૌલાના સાહેબના હસ્તે યાદે હુસૈન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેમણે એકતા સ્થાપવા માટે પ્રશંસનીય યોગદાન આપ્યું છે. આ એવોર્ડ સાથે પ્રશસ્તિપત્ર, શાલ અને રૂપિયા ૫૧ હજારની રાશિ શ્રી ચિત્રકુટ ધામ, તલગાજરડા દ્વારા અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત હજ કમિટીના ચેરમેન મહંમદઅલી કાદરી, મૌલાના સબાબ નકવી, શાયર અંજાર સીતાપુરી તથા લોક સાહિત્યકાર અનવર મીર ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરની શાળાઓનાં પરિણામ

દેવ ઈન્ટરનેશન સ્કૂલ

પ્લે ગ્રૂપ
૧ જૈનિશા કે પ્રજાપતિ
૨ વિશ્વા એચ રાવલ
૩ વેદ આર પટેલ

જુકેજી ગુજરાતી
૧ પૂર્વી એચ આચાર્ય
૨ દિયા એન કાછિયા
૩ માહી બી પટેલ

જુકેજી અંગ્રેજી
૧ વિવેક બી યાદવ
૨ પ્રિયાંશી સી ભાવસાર
૩ યગન્યા એસ જોષી

સિકેજી ગુજરાતી
૧ રોશની બી રાવળ
૨ મનસ્વી આર ઝીલા
૩ મોહિત કે ગૌડાન્સા

સિકેજી અંગ્રેજી
૧ રોમરેન બી બોરગેન
૨ ધૈર્ય વી પુનાસનવાલા
૩ શ્લોક આર ચાવડા

ધોરણ - ૧
૧ દિવ્યરાજસિંહ વી ગોલ
૨ બકુલ આર પ્રજાપતિ
૨ જાગ્રવીબેન કે પુરોહિત
૩ પ્રક્ષાબેન એલ ગોલ
૩ માહિબેન જે ગઢવી

ધોરણ - ૨
૧ રાજલ બળવંતજી ઠાકોર
૨ વંશરાજસિંહ પી ગોલ
૨ ધ્રુવરાજસિંહ કે ગોલ
૩ ધૂમિલ ડી રાવલ
૩ ધૂમિન જે દંતાણી

ધોરણ - ૩
૧ દિવ્યાંશ એમ મોદી
૨ હર્ષકુમાર એ ઠાકોર
૩ જય અશોકભાઈ રાવળ

ધોરણ - ૪
૧ યનશી અજીતભાઈ વાલેરા
૨ આઈના એમ પાટડીયા
૩ જીયા સુરેશભાઈ પ્રજાપતિ

ધોરણ - ૫
૧ અભય આર પટણી
૨ ફેઝાન જાકીરભાઈ
૩ ધ્રુવ કે સોલંકી
૩ નિસર્ગ એચ કડિયા

ધોરણ - ૬
૧ સચિન ભરતભાઈ પટેલ
૨ ખુશી રમણભાઈ પટણી
૩ અરવિંદજી ઠાકોર

ધોરણ - ૭
૧ વિજય રઈજીજી ઠાકોર
૨ કાજલબેન બે જમોડ
૩ પલક ગોવિંદજી ઠાકોર

ધોરણ - ૮
૧ આશિષ જગાજી ઠાકોર
૨ યશ હરેશભાઈ સોની
૩ આરતી મનોજભાઈ ગદાણી

ધોરણ - ૯
૧ રામુ ગાંડાભાઈ શિયાળીયા
૨ પાયલ સી જેજરીયા
૩ શ્રદ્ધાબેન એસ જાદવ

ધોરણ - ૧૧
૧ રાજ દિનેશકુમાર પ્રજાપતિ
૨ શિલ્પા મોલુભાઈ ચૌહાણ
૩ અંકિત ભરતભાઈ પટેલ

સરકારી પ્રાથમિક શાળા, બોરીજ

ધોરણ- - ૧ અ
૧ નિલેશ રૂપાભાઈ ડામોર
૨ ઉપેક્ષા મુકેશભાઈ વાઘેલા
૩ બિજલ અમીતકુમાર સોલંકી

ધોરણ- - ૧ બ
૧ દેવેન્દ્ર રાકેશભાઈ રાવળ
૨ સુબેતા મન્શારામ કનોજિયા
૩ અવકાશ રણછોડજી ઠાકોર

ધોરણ- - ૨ અ
૧ કોમલ જેસીંગભાઈ દેથરીયા
૨ સાક્ષી લાલજીભાઈ રબારી
૩ મિત ભરતજી ઠાકોર

ધોરણ- - ૨ બ
૧ જાસ્મિન મુકેશભાઈ મોદી
૨ રાજવીર ડી પ્રજાપતિ
૩ અલ્પેશ સુરેશજી ખાંટ

ધોરણ- - ૩ અ
૧ મનીષા રમેશભાઈ ઓડ
૨ સુહાની ભરતજી ઠાકોર
૩ હર્ષિલ રમતુજી ઠાકોર

ધોરણ- - ૩ બ
૧ ક્રિષ્ના પસાજી ઠાકોર
૨ કિશન લાલધારી યાદવ
૩ હેતલ શૈલેષભાઈ ખાંટ

ધોરણ- - ૪ અ
૧ અમિતસિંગ પી યાદવ
૨ વૈશાલી કાળાજી ઠાકોર
૩ શિલ્પા બાદરજી ઠાકોર

ધોરણ- - ૪ બ
૧ સેજલ કૈલાસભાઈ ચૌહાણ
૨ મહિપત એલ મારવાડી
૩ રવિ ટી ગોહિલ

ધોરણ- - ૫ અ
૧ ઉન્નતિ વી દેસાઈ
૨ ગૌરવ આર યાદવ
૩ તન્વી મોનારામ મેઘવાળ

ધોરણ- - ૫ બ
૧ અંજલિ ગિરીશભાઈ યાદવ
૨ પ્રાંજલ મુકેશભાઈ બામણિયા
૩ સૂરજજી પોપટજી ઠાકોર

ધોરણ- - ૬ અ
૧ ચેતના ભરતસિંહ રાઠોડ
૨ પૂનમ મોહનજી ખાંટ
૩ ગૌરી રામપ્રાદ યાદવ

ધોરણ- - ૬ બ
૧ વિશાખા નરેન્દ્રભાઈ પરમાર
૨ મમતા નરેન્દ્રભાઈ મકવાણા
૩ નિરવસિંહ એમ રાઓલ

ધોરણ- - ૭ અ
૧ કીર્તિ પ્રમોદસિંહ યાદવ
૨ રોહિત રાજેશભાઈ રાઠૌર
૩ સુમિત પ્રમોદસિંહ યાદવ

ધોરણ- - ૭ બ
૧ નેહા જયપ્રકાશ ચૌહાણ
૨ નિશાંત મહેન્દ્રકુમાર ખાંટ
૩ આરતી હીરાજી વણઝારા

ધોરણ- - ૮ અ
૧ ઉન્નતિ એ બામણિયા
૨ સપના નરેન્દ્રભાઈ મકવાણા
૩ ફાલ્ગુની ફુલાજી ઠાકોર

ધોરણ- - ૮ બ
૧ નેહા પ્રવીણજી ઠાકોર
૨ ભૂમિ લલ્લુભાઈ દેસાઈ
૩ મિલન વિષ્ણુભાઈ પરમાર